# આજે 'વર્લ્ડ સ્પેરો ડે' : ચકલી બચાવો માટે ઉમદા અભિયાન

## શાળા-કોલેજો અને ઘરોમાં પક્ષી પરબ, ચકલીના માળા તેમજ વિશિષ્ટ રીતે તૈયાર કરાયેલા પુંઠાના ચકલી ઘરનું વિતરણ

ગાંધીનગર, તા.૧૯

સિમેન્ટ-કોંક્રીટના જંગલો વધતા ચીં-ચીં કરતી ચકલી જાણે અદશ્ય થઈ ગઈ છે. ચકલીની ઘટતી સંખ્યા પક્ષી પ્રેમીઓ માટે ઘેરી ચિંતાનો વિષય બન્યો છે. ૨૦ માર્ચ 'વર્લ્ડ સ્પેરો ડે' વિશ્વ ચકલી દિન તરીકે ઉજવાય છે. ત્યારે નગરમાં અનોખો પક્ષીપ્રેમ ધરાવતી સંસ્થા અને યુવાનો દ્વારા ઉંચી ઉડાન ભરતા પક્ષીઓના અસ્તિત્વને ટકાવી રાખવા ઉમદા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અનોખો પક્ષી પ્રેમ ધરાવતા વનશ્રી ટ્રસ્ટ દ્વારા સતત દસમા વર્ષે પક્ષી બચાવો અભિયાન હાથ ધરવામાં આવ્યું છે જે અન્વયે શહેરની શાળા કોલેજોમાં ૨૦૦ જેટલા પક્ષીપરબનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત જાહેર સ્થળોએ વૃક્ષો પર પક્ષીના માળા પણ લગાવાશે.



શહેરના શ્રમિક યુવાને પણ ચકલીઓ માટે વિશિષ્ટ પ્રકારના પૂંઠાના ઘર તૈયાર કર્યા છે. આ બોક્ષ મકાનની ગેલેરીની ઉપરના ખૂણે ગોઠવવાથી શોધવાથી પણ ન દેખાતી ચકલી વિસામાનું મુકામ બનાવે છે.

પ્રકૃતિને અવરોધરૂપ પરિબળોનું અસ્તિત્વ પ્રબળ બનતા આજના આધુનિક યુગમાં પ્રકૃતિની ગોદમાં વિહરતા અબોલ પક્ષીઓનું અસ્તિત્વ જોખમાયું છે. જેના પરીણામે પક્ષીઓના રહેઠાણનું સરનામું આપવાનું મુશ્કેલ બનતું જાય છે. વિશ્વ ચકલી દિનનો અનુલક્ષી ઈકો કલબ અને નેચર કલબને પક્ષી પરબ અને ચકલીના માળાનું વિતરણ કરવામાં આવનાર છે. વનશ્રી ટ્રસ્ટના અંજનાબેન નિમાવત, દર્શન પુરોહીત અને મહાવીર નિમાવત આ પક્ષી સેવાના ઉમદા અભિયાન માટે કાર્યરત બન્યા છે. શહેરના શ્રમિક યુવાન રાજુ મકવાણાએ પણ ૬ બાય ૪ની સાઈઝના પુઠાનું બોક્ષ તૈયાર કરી ચકલી માટે ૭૦ ઘર બનાવ્યા છે. સે-૧૬ અને ૧૭ના રહેણાંક વિસ્તારમાં આ ચકલીઘરોનું વિતરણ કરાશે.

# હોર્ન મારીને સાઈડ માંગી રહેલા બસ ડ્રાઈવરને રિક્ષા ચાલકે ધોઈ નાંખ્યો

## ગલુદણ પાસે બનેલી ઘટના : રિક્ષા લઈને ચાલક ફરાર

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદથી મોડાસા તરફ જઈ રહેલી એસ.ટી. બસને આગળ જઈ રહેલી રિક્ષાનો ચાલક હોર્ન મારવા છતાં સાઈડ આપતો ન હતો. ચાર-પાંચ હોર્ન મારવાની બાબતે રિક્ષા ડ્રાઈવર અકળાઈ ગયો હતો અને બસ ઉભી રખાવીને ડ્રાઈવર સાથે ઝપાઝપી કરી કપડા ફાડી નાંખ્યા હતા અને ગડદાપાટુનો માર માર્યો હતો. ગલુદણ પાસે બનેલી આ ઘટના અંગે બસ ડ્રાઈવરની ફરિયાદને આધારે ડભોડા પોલીસે રીક્ષા લઈને ફરાર થઈ ગયેલા રિક્ષા ચાલક વિરૂધ્ધ સરકારી કર્મચારીની ફરજમાં રૂકાવટ કરી હુમલાનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

આજે સવારે સાડા નવ વાગ્યાના સુમારે મોડાસા એસ.ટી. ડેપોની બસ નં. જીજે-૧૮-વી. ૮૫૫૯ અમદાવાદથી મોડાસા રૂટ પર જઈ રહી હતી. ગાંધીનગર નજીકના ગલુદણ માર્ગ પર એક રિક્ષા નં. જીજે ૯ એકસ ૫૨૨૦ નો ડ્રાઈવર બસની આગળ જતો હતો. બસ ડ્રાઈવર નાગજીભાઈ વાઘજીભાઈ દેસાઈએ હોર્ન માહીને સાઈડ માંગવા અઢળક પ્રયત્નો કરવા છતાં સાઈડ આપતો ન હતો. અંતે ગલુદણ પાટીયા પાસે રિક્ષા ડ્રાઈવરે રીક્ષા ઉભી કરી દઈને બસ સાઈડમાં કરાવી દીધી અને બસ ડ્રાઈવરને બસમાંથી ઉતારીને ધોઈ નાંખ્યો હતો અને કપડાં ફાડી નાંખ્યા હતાં. મારઝુડ કરીને રિક્ષા લઈ ચાલક ફરાર થઈ ગયો હતો. બસ ડ્રાઈવરે સારવાર લઈને ડભોડા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે સરકારી કર્મચારીના ફરજમાં રૂકાવટ તથા હુમલાનો ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા રિક્ષાચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી રિક્ષા નંબરને આધારે તેને પકડી પાડવા જમાદાર શાહરભાઈએ ચક્રો ગતિમાન કર્યા છે.

# પાટનગર યોજનાના જૂના ફર્નિચરનો હજુ નિકાલ થયો નથી : હરાજી થશે

## ભવનને કોર્પોરેટ લુક અપાયા બાદ જુનું ફર્નિચર ઈન્કવાયરીને સોંપવા વિચારણા હાથ ધરાઈ હતી

ગાંધીનગર, તા.૧૯

પાટનગર યોજના ભવનની કચેરીઓને કોર્પોરેટ લુક આપવાની કામગીરીના એક વર્ષ બાદ પણ હજુ જુના ફર્નિચરનો નિકાલ કરાયો નથી. પ્રાથમિક તબક્કે કચેરીનું જુનું ફર્નિચર જેલ હવાલે કરવા ઉપરાંત સ્થાનિક ઈન્કવાયરી કચેરીઓને સોંપી દેવાનો નિર્ણય પડતો મુકાયા બાદ હવે જૂના ફર્નિચરનો હરાજીની પ્રક્રિયાથી નકાલ કરવામાં આવશે.

શહેરમાં સ્થિત સરકારી કચેરીઓને કોર્પોરેટ લુક આપવા તંત્ર દ્વારા તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. સરકારી કચેરીઓને પણ જૂની ઓળખમાંથી બહાર લાવવા કોર્પોરેટ ટચ આપી અદ્યતન બનાવવામાં આવી રહી છે. સરકારી ઓફિસોમાં કોર્પોરેટ ફીવર છવાયો છે. જયારે ગત વર્ષ દરમિયાન સે-૧૬ સ્થિત પાટનગર યોજના ભવનની વિવિધ ડિવીઝનલ કચેરીને પણ તોતિંગ ખર્ચે કોર્પોરેટ લુક આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જો કે આ કામગીરીમાં યોગ્ય ગુણવત્તા ન જળવાઈ હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો છે. બીજી તરફ યોજના ભવનના બિલ્ડીંગને આધુનિક બનાવવાની કામગીરીના અંતે જુના ફર્નિચરનો પણ હજુ નિકાલ થયો નથી. યોજના ભવનની વિવિધ કચેરીઓમાં મોડયુલર ફર્નિચર લગાવી દેવાયા બાદ લાંબા સમય સુધી ભવનની લોબીમાં જુના ફર્નિચરનો ખડકલો થયેલો જોવા મળતો હતો. બીજી તરફ ભવનનું જુનું ફર્નિચર જેલ હવાલે તેમજ સ્થાનિક સુવિધા કેન્દ્રોને આપી દેવાની વિચારણા હાથ ધરવામાં આવી હતી. આખરે આ નિર્ણય પડતો મુકાયા બાદ જુના ફર્નિચરનો હરાજી મારફતે નિકાલ કરવા નિર્ણય લેવાયો હતો. પરંતુ એક વર્ષના અંતે પણ હજુ ફર્નિચરના ઢગ યથાવત સ્થિતિમાં છે. વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ ટૂંક સમયમાં હરાજી કરી જૂના ફર્નિચરનો નિકાલ કરવામાં આવશે.

# એસ.ટી. ડેપોમાં નવી ૫ બસ આવી : પોઈન્ટ સર્વિસમાં દોડશે

## પોઈન્ટ ઉપરાંત ગાંધીનગર-અમદાવાદની અન્ય ટ્રીપોમાં પણ નવી બસો મુકાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર એસ.ટી. ડેપોને મોડેલ બનાવવાના ભાગરૂપે ડેપોમાં નવી ૫ બસો આવી ગઈ છે. ટુ બાય ટુ ની આ નવી યુરો થ્રી ડીઝલ બસ પોઈન્ટ બસ સેવા ઉપરાંત શહેરી બસ સર્વિસ માટે ગાંધીનગર-અમદાવાદ રૂટ વચ્ચે દોડાવાશે. પોઈન્ટ બસ સ્ટેન્ડ પાસે આજે નિગમના ડીરેક્ટરે લીલી ઝંડી બતાવી આ નવી બસોનો પ્રારંભ કરાવ્યો હતો.

નગરના એસ.ટી.ડેપોને મોડેલ ડેપો બનાવવા કવાયત હાથ ધરવામાં આવી છે. જેને અનુલક્ષી મુસાફરોને જરૂરી સુવિધાઓ પુરી પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. મોડેલ ડેપોના ભાગરૂપે એસ.ટી. ડેપોમાં નવી ૮૦ બો દોડાવાશે જ્યારે આ પૈકી ૫ નવી બસો ડેપોમાં આજે આવી ગઈ છે. ૩ બાય ૩ ની યુરો થ્રી ડીઝલ બસ પ્રદૂષણ ન ફેલાવે તેવી છે. ડેપોના સૂત્રોના જણાવ્યા મુજબ આ નવી બસો કર્મચારીઓને અનુલક્ષી પોઈન્ટ બસ સ્ટેન્ડે મુકવામાં આવશે. મણીનગર, સેટેલાઈટ, સરદાર પટેલ કોલોની, હોળીચકલા રૂટ પર પોઈન્ટની બસ સેવાઓ દોડાવાશે. આ ઉપરાંત શહેરી બસ સર્વિસ અન્વયે અમદાવાદ-ગાંધીનગરના રૂટ પર બસો મુકવામાં આવશે. એસ.ટી.ના બોર્ડ ઓફ ડિરેક્ટર ભગવાનદાસ પંચાલે આજે પોઈન્ટ બસ સ્ટેન્ડે શ્રીફળ વધેરી નવી બસોને રૂટ માટે લીલી ઝંડી આપી હતી.

# નિવૃત્ત આચાર્ય પાસેથી લાંચ માંગનાર જુનિ. ક્લાર્ક ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૯

શાળાના નિવૃત્ત આચાર્ય પાસે પેન્શન ઓર્ડર પાસ કરાવવા માટે રૂ. ૧૪ હજારની માંગણી કરનાર ગાંધીનગર તાલુકા પંચાયત, શિક્ષણ શાખાના જુનિ. ક્લાર્કને ગાંધીનગર એસીબીની ટીમે ટ્રેપ ગોઠવીને આજે ઓફીસમાં જ રૂ. ૪ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. જુનિ. ક્લાર્ક સતીષ શાહ વિરૂદ્ધ ગુનો નોંધીને એસીબી પી.આઈ. એસ.કે. ત્રીવેદીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નજીકના જામનગરપુરા પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવી ચુકેલા બળદેવભાઈ નથુરામ પંડ્યા ૩૧ ઓક્ટોબર-૨૦૧૨ના રોજ નિવૃત્ત થયા હતા. તેમના પેન્શન માટે એક વર્ષથી પેપર્સ ક્લીયર કરીને મોકલી અપાયા હોવા છતાં કોઈ જ કામગીરી થતી ન હતી. પેન્શન ઓર્ડર પાસ કરાવવા માટે ગાંધીનગર બહુમાળી ભવન ખાતે સ્થિત તાલુકા પંચાયત, શિક્ષણ શાખામાં જુનિ. ક્લાર્ક તરીકે ફરજ બજાવતા સતીષ એસ. શાહે રૂ. ૧૪ હજારની લાંચ માંગી હતી જે પૈકી રૂ. ૧૦ હજાર અગાઉ બળદેવભાઈએ આપી દીધા હતા. બાકીના ૪ હજાર માટે જુનિ. ક્લાર્ક ઉઘરાણી કરતો હતો. દરમ્યાન ગાંધીનગર એસીબી પી.આઈ. એસ.કે. ત્રીવેદીને નિવૃત્ત આચાર્યએ ફરીયાદ આપતા આજે છટકુ ગોઠવી ઓફીસમાં રૂ. ૪ હજાર લેતા જુનિ. ક્લાર્ક સતીષ શાહને ઝડપી લેવામાં આવ્યો હતો. પેન્શન ઓર્ડર પાસ કરવા લાંચ માંગનાર જુનિ. ક્લાર્ક વિરૂદ્ધ ગુનો નોંધીને એસીબીએ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# સેકટર-૫ના રસ્તા કયારે થશે! વસાહતીઓ અનેક મુશ્કેલીઓ ભોગવે છે

ગાંધીનગર, તા.૧૯

સેકટર-૫ એ-બી-સીમાં અંદરના રોડનું કામ થવાનું હતું તે વરસાદ પહેલા રોડ સાફ કરેલ હતા તો પણ રોડનું કામ થયેલ નથી. અંદરના રોડમાં ત્રણ અને ચાર રસ્તા પર પાણી ખુબ ભરાય છે તે માટે ઢાળવાળો રોડ બનાવવો જોઈએ. લોખંડની જાળીવાળી ગટરો બનાવવી જોઈએ જેથી વરસાદી પાણી ભરાઈ રહે નહીં તેવી વસાહતીઓની માગણી છે.


સેકટર-૫-૬, ગ-૨, ગ-૩ વગેરે જગ્યાના ત્રણ અને ચાર રસ્તા પર પાણીની લાઈન અને વાલ્વ નાંખેલા છે તે તોડી નાખેલ છે તે રોડને મેટલ પાથરીને કારપેટ કરવી જોઈએ.

સેકટર-૫-બી અને સી વચ્ચે બગીચો આવેલ છે તેમાં લાઈટ નાંખેલ છે. તે લાઈટ બંધ હાલતમાં છે તે પણ તાત્કાલિક ચાલુ કરવી જોઈએ તેમ ગાંધીનગર વિકાસ પરિષદના ઉપપ્રમુખ શ્રી જે.જે. ત્રિવેદીએ જણાવેલ છે.

# શ્રી જલારામ સેવા સમાજના મંત્રી શ્રી જીતુભાઈ સેજાણીના માતૃશ્રી ભગવતીબહેન રસિકલાલ ઠક્કરનું દેહાવસાન

ગાંધીનગર, તા.૧૯

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગરના મંત્રીશ્રી તેમજ ગુજરાતનો સાદના તંત્રી શ્રી જીતુભાઈ સેજાણીના માતૃશ્રી તેમજ દિયોદરથી પ્રસિદ્ધ થતાં સત્યનો સાગરના તંત્રી શ્રી રસિકલાલ ઠકકરના ધર્મપત્ની ભગવતીબહેન રસિકલાલ ઠકકરનું તા. ૧૬-૩-૨૦૧૩ શનિવારના રોજ વહેલી સવારે દેહાવસાન થયું છે.



નિખાલસ, મૃદુ તેમજ હરહંમેશ હસતા રહેતા ધાર્મિક સ્વભાવના ભગવતીબહેનના દેહાવસાનથી સદગતના પરિવાર ઉપર આવી પડેલ આ દુ:ખદ ક્ષણને પરમ કૃપાળુ પરમાત્મા સહન કરવાની શકિત અર્પે તેવી પ્રાર્થના.

સદગતનો દસો જ્ઞાતિ રિવાજ મુજબ ફાગણ સુદ-૧૦, તા. ૨૧-૩-૨૦૧૩, ગુરુવારના રોજ શ્રી જલારામ મંદિર, સેકટર-૨૯ ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે.

# બી.એસ.એન.એલ. દ્વારા ટેલિફોન અદાલતનું ૨૬મીએ આયોજન

ગાંધીનગર, તા.૧૯

ભારત સંચાર નિગમ લિમિટેડ દ્વારા ટેલિફોન અદાલત તા. ૨૬મી માર્ચ ૨૦૧૩ના રોજ ટેલિફોન એકસચેન્જ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે સભારૂપ 'ઉડાન'માં બપોરે ૧૨ કલાકે રાખવામાં આવી છે.

ટેલિફોન એકસચેન્જના સબ ડિવિઝનલ એન્જિનિયરે (ટેકનિકલ) જણાવ્યું છે કે બી.એસ.એન.એલ. દ્વારા યોજાનાર ટેલિફોન અદાલતમાં જે તે કેસોની ચર્ચા-સૂનવણી થશે આ અંગેની અરજી તા. ૨૫મી માર્ચ ૨૦૧૩ના રોજ સબ ડિવિઝનલ એન્જિનિયર (ટેકનીકલ), ટેલિફોન એકસચેન્જ, સેકટર-૧૧ ગાંધીનગરને ફોન નં. ૦૭૯-૨૩૨૨૭૦૦૦ અથવા ૦૭૯-૨૩૨૨૨૪૦૮, ઈ-મેલ અડ્રેસ sdefgnr@gmail.com, ઉપર મોકલવા જણાવ્યું છે.

# આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૧૯

આંતરરાષ્ટ્રીય પુષ્ટી માર્ગીય વૈષ્ણવ પરિષદની તાજેતરમાં બેઠક મળી હતી. જેમાં વર્ષ-૨૦૧૩-૧૪ અને વર્ષ-૨૦૧૪-૧૫ માટેના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.





પ્રમુખ તરીકે રાહુલભાઈ કડકીયા, ઉપપ્રમુખ તરીકે એમ.એમ. શાહ, બી.ડી. શાહ, મંત્રી તરીકે જીતેન્દ્રભાઈ ગાંધી, સહમંત્રી તરીકે કિરીટભાઈ સોની, સંગઠન મંત્રી તરીકે ચંદ્રકાન્ત અડાલજા અને ખજાનચી તરીકે હર્ષદભાઈ ગાંધીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. કારોબારી સભ્યોમાં રસીકભાઈ ગાંધી, કનુભાઈ શાહ, હસમુખભાઈ શાહ, ડી.એફ. શાહ, જયેન્દ્રભાઈ પરીખ, ગુણવંતભાઈ શાહ, જે.એસ. પરીખ, એમ.આર. ગાંધી, પ્રવીણભાઈ મહેતા અને રસીકભાઈ પરીખની વરણી કરવામાં આવી છે.

# આજે ગુજરાત પ્રદેશ દલિત સેનાની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા ગુજરાત પ્રદેશ દલિત સેનાની બેઠક આજે તા. ૨૦મી માર્ચ-૨૦૧૩ને બુધવારે બપોરે ૨ કલાકે જૂના સરકીટ હાઉસ, ગાયત્રી મંદિર પાસે, શાહીબાગ, અમદાવાદ ખાતે યોજાશે.

દલિત સેનાની બેઠકમાં રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ સૂર્યમણિ ઉપસ્થિત રહેશે. બેઠકમાં દલિતોના પ્રશ્નો, સંગઠનને મજબૂત કરવા, ડૉ. આંબેડકર જન્મ જયંતિ ઉજવવા તેમજ ૨૦મી એપ્રિલે દિલ્હી ખાતે રાષ્ટ્રીય અધિવેશનમાં મોટી સંખ્યામાં કાર્યકરોને ઉપસ્થિત રહેવાના આયોજન વગેરે મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે એમ જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલા અને મહામંત્રી દિનકરભાઈ પરમારે જણાવ્યું છે.

# આર.ટી.ઓ. કચેરી સામેથી ત્રણ જુગારીઓ ઝડપાયા

## ઝાડીઓમાં બાજી માંડીને બેઠા હતા : ૪૪ હજારનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૩ ન્યુમાં આવેલી આર.ટી.ઓ. ઓફીસની સામે ઝાડીઓમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સેક્ટર-૭ પોલીસની ટીમે દરોડો પાડીને ૩ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. રૂ. ૪૪,૨૧૦નો મુદ્દામાલ જપ્ત કરીને ત્રણેયની ધરપકડ કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

શહેરનાં સેક્ટર-૩ ન્યુ ખાતે આવેલી આર.ટી.ઓ. કચેરીની સામે ઝાડીઓમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી સે. ૭ પોલીસને મળતા પી.એસ.આઈ. એ.કે. ભરવાડ, પો.કો. સંદિપસિંહ સહિતની ટીમે ગઈકાલે સાંજે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પરંતુ પોલીસે કોર્ડન કરીને જુગાર રમી રહેલા ત્રણેય શકુનીઓને ઝડપી લીધા હતા. માણસાના સહજાનંદ સોસાયટીમાં રહેતો રાકેશ ગજાનંદ જાની, પ્રાંતિયાનો ઘનશ્યામ મનુ પટેલ અને પેથાપુરનો મયુદ્દીન અજગરઅલી શેખ મળીને ત્રણેય શખ્સોની પોલીસે ધરપકડ કરી લીધી છે. તેમની પાસેથી રોકડા રૂ. ૧૪,૨૭૦, તથા એક ગાડી સહિત જુગારના સાહિત્યો મળીને રૂ. ૪૪,૨૧૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સે. ૭ પોલીસે ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. એ. કે. ભરવાડે તપાસ શરૂ કરી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૧
સૂર્યાસ્ત : ૬.૪૬

## તાપમાન

મહત્તમ : ૩૮.૪ ડિ.સે.
લઘુત્તમ : ૧૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૭ ટકા ● સાંજે ૨૪ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મેરે ડેડ કી મારુતી : ૧૦.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૧૦.૧૫
કાઈ પૉ છે : ૧૨.૦૦, ૫.૦૦

: સ્ક્રીન-૨ :
જૉલી એલએલબી : ૯.૧૫
સાહેબ બીવી ઑર ગેંગસ્ટર રીર્ટન : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૨૫
૩-જી : ૨.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૩ :
૩-જી : ૧૦.૦૦, ૧૨.૩૦
સાહેબ બીવી ઑર ગેંગસ્ટર રીર્ટન : ૩.૦૦
ધ એટૅક્સ ઑફ ૨૬/૧૧ : ૫.૪૫
જૉલી એલએલબી : ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
જૉલી એલએલબી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

### સૂર્યા, વાવોલ

સિંહણના સૌગંધ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ધ એટૅક્સ ઑફ ૨૬/૧૧ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સાહેબ બીવી ઑર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :
જૉલી એલએલબી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
સાહેબ બીવી ઑર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
જૉલી એલએલબી : ૧૨.૪૫, ૫.૧૫

### ચિરાગ, કલોલ

આખા જગથી નિરાળી મારી સાજણા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આર્થિક સમસ્યાઓ પર કાર્ય થશે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. અભિષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

**વૃષભ** : આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી મળેલી નિરાશાને હાવી થવા દેશો નહિ. દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. સગા- સ્નેહીજનો સાથે મળવાનું થઈ શકે છે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. વ્યાપારમાં નવા અને લાભદાયક કરાર થઈ શકે છે.

**વૃશ્ચિક** : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રાણ સાર્થક થશે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

**મકર** : તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે, સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. આપનો આત્મવિશ્વાસ અડગ થશે.સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

**કુંભ** : કુટુંબમાં શાંતિ રહેશે. વ્યવસાયિક યોજનાઓમાં સફળતા મળશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. મિત્રો અને સહયોગીઓ અને વ્યાપારમાં ભાગીદારો પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે.

**મીન** : આવકના સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિનો યોગ. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ ન થાય તેની કાળજી લેવી. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. નારણભાઈ શામળભાઈ પટેલ (ઉ.વ.૯૩) પ્લોટ નં. ૮૮૩/૧, સેકટર-૪ડી, ગાંધીનગર.
- સ્વ. કાન્તાબેન મણીલાલ ગજ્જર (ઉ.વ.૬૦) મુ. પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર